પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯ ૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

## "કરફ્યુ હુકમ"

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ
નંબર-વિ.શા/જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૪૨ / ૨૦૨૧ તા.૦૬/૦૩/૨૦૨૧

સુધારા હુકમ: ૦૧

વંચાણે લીધા: (૧) સચિવશ્રી, કૃષી, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૦૬/૦૩/૨૦૨૧ ના પત્ર તથા.
(૨) અત્રેની કચેરીના નંબર-વિ.શા/ જાહેરનામું / એ-સેકશન/ ૪૨/ ૨૦૨૧ તા.૨૮/૦૨/૨૦૨૧
આધારે.

સમગ્ર દેશમાં COVID-19 ની અસરોને ધ્યાને લેતા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૬/૦૨/૨૦૨૧ ના હુકમ ક્રમાંક: 40-3/2020-DM-I(A) તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના ક્રમાંક : વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨, તા.૨૭/૦૨/૨૦૨૧ થી લોકડાઉનની અવધિ તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી લંબાવવા હુકમ કરવામાં આવેલ છે. જે અનુસંધાને અત્રેની કચેરીના નંબર-વિ.શા/ જાહેરનામું /એ-સેકશન /૪૨ /૨૦૨૧, તા.૨૮/૦૨/૨૦૨૧ ના જાહેરનામાંથી અમદાવાદ શહેરમાં તા-૦૧/૦૩/૨૦૨૧ થી તા.૧૫/૦૩/૨૦૨૧ સુધી રાત્રિના કલાક ૦૦/૦૦ થી સવારના કલાક ૦૬/૦૦ સુધી રાત્રિ કરફ્યુ અમલમાં મુકવામાં આવેલ છે. તા.૦૭/૦૩/૨૦૨૧ થી તા.૦૯/૦૩/૨૦૨૧ દરમિયાન રિવરફ્રન્ટ અમદાવાદ ખાતે ફાર્મ ફ્રેશ ફેસ્ટીવલ-૨૦૨૧ નું આયોજન કરવામાં આવેલ છે. ફાર્મ ફ્રેશ ફેસ્ટીવલ-૨૦૨૧ ના સ્થળ સુધી ખેડુતો પોતાના ઉત્પાદનો નાના-મોટા વાહનોમાં લઈ અવર-જવર કરી શકે અને કોઈ મુશ્કેલી ન સર્જાય તે જરૂરી છે.

આથી, હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ઉપરોકત નંબર-વિ.શા/ જાહેરનામું / એ-સેકશન/ ૪૨/ ૨૦૨૧ તા.૨૮/૦૨/૨૦૨૧ ના અત્રેથી જારી કરવામાં આવેલ જાહેરનામાના અપવાદમાં નીચે મુજબનો ઉમેરો કરવાનો હુકમ કરુ છુ:

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:અપવાદ:-

1. તા.૦૭/૦૮/૦૯ માર્ચના ૨૦૨૧ ના દરમિયાન રિવરફ્રન્ટ અમદાવાદ ખાતે ફાર્મ ફ્રેશ ફેસ્ટીવલ-૨૦૨૧ નું આયોજન કરવામાં આવેલ છે. જેથી ફાર્મ ફ્રેશ ફેસ્ટીવલ-૨૦૨૧ ના સ્થળ સુધી ખેડુતો પોતાના ઉત્પાદનો નાના-મોટા વાહનોમાં લઈ અવર-જવર કરી શકે તે માટે તેઓને રાત્રી કરફ્યુના ઉપરોકત હુકમ પાલનમાંથી મુક્તિ આપવામાં આવે છે.

નોંધ:- બાકીની સુચનાઓ મુળ જાહેરનામાં મુજબની યથાવત રહેશે.

## -:શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## -:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૬/૦૩/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના:**

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિ.શ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૨) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૩) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.સબ.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિ.શ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)